# પૂરક નોંધ

**વિષયઃ સદસ્ય નિવાસ ખાતે એટેન્ડન્ટની ફરજ બજાવતા કર્મચારીઓને કામગીરી સોંપવા બાબત**

**સંદર્ભઃ ગુજરાત વિધાનસભા, સચિવાલય માન. શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા)ના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૧૭૫ તા.૨૩/૦૧/૨૦૨૪ અન્વયે.**

---

- **કામનું નામ: સદસ્ય નિવાસ સેક્ટર–૨૧ ખાતે રૂમ એટન્ડટની સેવા પૂરી પાડવા માટેનું કામ**
- **એજન્સીનું નામ : ડી.આર.એન્ટરપ્રાઈઝ, મહેસાણા**
- **કરારખત નં : બી–૧/૨૧ સને ૨૦૨૦–૨૧**
- **અંદાજીત કિમંત : રૂ.૧,૦૬,૫૨,૧૪૫.૩૦/–**
- **ટેન્ડર રકમ : રૂ.૯૮,૮૬,૨૫૬.૦૫/– ( ૭.૧૯ % નીચા )**
- **કામ શરૂ કર્યા તારીખ : ૦૧/૧૦/૨૦૨૦**
- **કામની સમય મર્યાદા : ૧ વર્ષ**
- **કામની સ્થિતિ : હાલ પ્રગતિમાં**

- સેકટર– ૨૧, ગાંધીનગર ખાતે આવેલ સદસ્ય નિવાસ માં રૂમ એટન્ડટની સેવા પૂરી પાડવાની કામગીરી પાટનગર યોજના વિભાગ –૧ દ્વારા ઓનલાઈન ટેન્ડર મંગાવી આઉટ્સોર્સ એજન્સી દ્વારા મેન પાવર પૂરા પાડવામાં આવે છે. હાલમાં જે કામગીરી પ્રગતિ હેઠળ છે.
- જેના અંદાજોને જુલાઈ–૨૦૧૯ તાંત્રિક મંજુરી આપવામાં આવેલ અને તેના ડી.ટી.પી. મંજુર થયેથી ટેન્ડર ઓનલાઈન ઓક્ટોબર–૨૦૧૯ માં કરવામાં આવેલ. જેમાં લઘુતમ વેતન શ્રમ આયુકતની કચેરીના તા:૧૨/૦૪/૨૦૧૯ પરિપત્ર મુજબ લેવામાં આવેલ
- સદર ટેન્ડર સદસ્ય નિવાસ સમિતિમાં પૂર્વ મંજુરી મેળવી L1 આવેલ ઈજારદારશ્રીને વર્ક ઓર્ડર આપવામાં આવે છે પરંતુ તે સમય દરમ્યાન કોવિડ–૧૯ મહામારીના લીધે લોકડાઉન હોવાથી લોક્ડાઉન બાદ તા:૨૨/૦૯/૨૦ ના રોજ મળેલ સદસ્ય નિવાસ સમિતિ દ્વારા સર્વ સમંતિ થી ઠરાવ કરવામાં આવેલ, ત્યાર બાદ ઈજારદારશ્રીને વર્ક ઓર્ડર તા:૦૧/૧૦/૨૦ ના રોજ આપવામાં આવેલ છે.
- સદર કામગીરીમાં વખતો–વખત મળેલ સદસ્ય નિવાસ કમિટી દ્વારા સમય મર્યાદામાં વધારો કરવામાં આવેલ છે અને હાલમાં તા:૧૧/૦૭/૨૩ ના રોજ મળેલ સદસ્ય નિવાસ કમિટી દ્વારા વધુ એક વર્ષ માટે એટલે કે તા:૧૦/૦૭/૨૪ સુધી સમય મર્યાદામાં વધારો કરવા નિર્ણય કરેલ છે.
- શરૂઆતનો લઘુતમ વેતન : રૂ. ૪૭૫.૩૩/– પ્રતિ દિન
- હાલનો લઘુતમ વેતન : રૂ. ૭૫૫.૭૯/– પ્રતિ દિન
- શરૂઆતમાં એટન્ડન્ટોની સંખ્યા : ૫૪
- હાલમાં એટન્ડન્ટોની સંખ્યા : ૯૪
- બોનસ : ૮.૩૩ %, પ્રોવીડન્ટ ફંડ : ૧૩ %, જૂથ વીમો : ૩.૨૫ %, ઈજારદારનો નફો : ૧૦ %, જી.એસ.ટી : ૧૮% બેઝીક તથા મોંઘવારી ભથ્થા ઉપર શ્રમ આયુકતની કચેરીના તા:૦૧/૦૪/૨૦૨૩ પરિપત્ર મુજબ લેવામાં આવે છે.